॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે સળંગ અંક ૪૫૭, જાન્યુઆરી-૨૦૨૪, રૂા. ૫.૦૦/-




ભુજ મંદિરના કર્મનિષ્ઠ સદ્ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા સદ્ગુરુ સ્વામી ઉત્તમપ્રિયદાસજી, સદ્ગુરુ સ્વામી સ્વયંપ્રકાશદાસજી આ ત્રણ ગુરુ ભાઇઓ સંતોની પુણ્ય સ્મૃતિમાં ભુજ મંદિરમાં પંચ દિવસીય પુરુષોત્તમપ્રકાશ ગ્રંથ પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સંપ્રદાયના મુખ્ય મંદિરોના સંતોની ઉપસ્થિતિ રહી.




શ્રીસ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન-વિલેપાર્લાના ૨૫ મા વાર્ષિક પાટોત્સવ તેમજ આયરોલી મધ્યે શ્રીજનમંગલયાગ સાથે સમૂહ શ્રીમદ્ ભાગવત નવાહ્ન પારાયણ ઉપક્રમે તરંગ બેન્ક્વેટ લગ્ન હોલના ઉદ્ઘાટન પ્રસંગે ૫૦૧ ભવ્ય મહાપૂજાનું આયોજન રાખેલ હતું. જેમાં ભુજથી મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, જાદવજી ભગત, સદ્ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી સહિત ૪૦ સંતો પધારી હરિભક્તો, સંતો, સાંખ્યયોગી બહેનો તથા સૌ હરિભક્તો મહાપૂજામાં જોડાયા હતા. અને યજમાન શ્રીમતિ નિર્મળાબેન રમેશભાઇ હંસરાજ ખુથીયા સપરિવારને પૂ.મહંત સ્વામી આદિ સંતોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.




દયાપર તા. લખપત મધ્યે નૂતન શ્રીસ્વામિનારાયણ મંદિરનું ઉદ્ઘાટન તથા શ્રીઠાકોરજીની મૂર્તિઓની સંપ્રદાયના ઉત્તરદેશ પીઠાધિપતિ ધ.ધૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્હસ્તે ભુજ મંદિરના મહંત સ્વામી આદિ સંતો તથા યજમાન હરિભક્તોની ઉપસ્થિતિમાં મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા થઇ. પંચ દિવસીય જ્ઞાનયજ્ઞ મહોત્સવ ધામધૂમથી સંપન્ન થયો.

## મેડિકલ કેમ્પ-પિયાવા



ભુજ મંદિર સંચાલિત શ્રીસ્વામિનારાયણ હોસ્પિટલ-પિયાવા માંડવી મધ્યે સદ્ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજીની પુણ્ય સ્મૃતિમાં મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ અને ફરતા દવાખાના માટે એક ઇકો ફોરવ્હીલ ગાડી તેમજ ગાયોની સેવા માટે મોટર સાઇકલ અર્પણ કરાઇ. ફરતું દવાખાનું ચાલુ કરવાના ભુજ મંદિરના સંકલ્પને વધાવી દાતા પરિવાર પોતાની આર્થિક સેવાનો સહયોગ આપ્યો હતો. એમનો લોકાર્પણ કાર્યક્રમ પણ આજના દિવસે યજમાન પરિવાર તથા સંતોના વરદ્હસ્તે સંપન્ન થયો હતો.

## હોસ્પિટલ ઉદ્ઘાટન












શ્રીસ્વામિનારાયણ સેવા આશ્રમ ભુજ મધ્યે શ્રીસ્વામિનારાયણ હોસ્પિટલનું ઉદ્ઘાટન તા.૧૮-૧૨-૨૦૨૩ના રોજ કરવામાં આવ્યું હતું. આ હોસ્પિટલ આપના હરિભક્તો માટે તદ્દન નિ:શુલ્ક છે. આપ સૌ હરિભક્તો આ સેવાનો લાભ લઇ શકો છો.

શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવનમાં ધનુર્માસની ધૂનમાં વિશાળ સંખ્યામાં હરિભક્ત સમૂદાય - નડિયાદ



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૭ કુલ અંક-૧૯૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૩ અંક-૧૧ જાન્યુઆરી-૨૦૨૪
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૫૭

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ, શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીન: ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| સત્સંગ સમાચાર-દેશ | ૭ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૨ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઇઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઇએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે.
  કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.


- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

# તંત્રીની કલમે

આજે આપણા માનવજીવનમાં અતિ મૂલ્યવાન ''ચારિત્ર્ય'' વિશે વાત કરીશું. ''कदाचिदपि चरित्रं न लंघेत'' વિદ્વાન ઋષિમુનિઓ દ્વારા કહેવામાં આવેલ આ ઉક્તિ વિશે ખૂબ ગંભીરતાથી વિચારી સુદૃઢ ચારિત્ર્ય સાથે એવું જીવન જીવવાનું કે કયારેય અજાણતા પણ ચરિત્ર પર દાગ ન લાગી જાય.

આપણી પ્રાચીન હિન્દુ સંસ્કૃતિ અને સનાતન હિન્દુ ધર્મમાં પણ ચારિત્ર્ય વિષે જાગૃતિ રાખવાની વાત કહેવામાં આવી છે. ચારિત્ર્યવાન, ગુણવાન, શીલવાન અને સુસંસ્કારી સમાજ ઘડતર માટે આપણા શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા પણ વડીલ સંતો અને વિદ્વાન કર્મનિષ્ઠ સંતો દ્વારા બાલમંડળ, યુવક-યુવતી મંડળ અને ગુરુકુળો દ્વારા ચારિત્ર્યવાન યુવક-યુવતીઓ સમાજને મળે એ વાતને પ્રાધાન્ય આપવામાં આવે છે.

'સંગ તેવો રંગ' તેમજ 'સોબત તેવી અસર' એ ન્યાય બાળપણથીજ આપણા સંતાનો અને યુવક-યુવતીઓની સંગત કેવી છે તે વિશે સતત જાગૃતિ રાખવી જોઇએ. જો તેઓ કુસંગના રવાડે ચડી જશે તો તેનું ચારિત્ર્ય શિથિલ થવાની સંભાવનાઓ વધી જશે તે ઉપરાંત તેઓ કેવા વાતાવરણમાં ઉછરી રહ્યા છે એ વાતની પણ તેમના જીવન ઘડતર પર ખૂબ મોટી અસર થાય છે. જો તેઓ શૈશવકાળથી સદ્‌ગુરુ સંતો, વિદ્વાન વ્યક્તિઓ અને ચારિત્ર્યવાન લોકોના સંપર્કમાં રહેશે અને એમની વચ્ચે ઉછરશે તો તેમનું જીવન ચારિત્ર્યવાન અને સફળ થશે. અને તેમની પ્રગતિમાં તેની અસર જોવા મળશે. તે ઉપરાંત સત્શાસ્ત્રનું વાંચન, મનન અને ચિંતન પણ તેના જીવનમાં ચારિત્રને સુદૃઢ બનાવવામાં ખૂબ મદદરૂપ થાય છે. અંગ્રેજીમાં કહ્યું છે કે, When Welth is lost-Nothing is lost. When helth is lost Something is lost. But When Character is lost Everything is lost આ પંક્તિઓ પણ ચારિત્ર્યનું મહત્ત્વ સમજાવે છે. ચરિત્રના આધારે વ્યક્તિનું આચરણ થાય છે. આચરણ અનુસાર વ્યક્તિ કર્મ કરે છે. જેવા કર્મ કરે તેવા ફળ પ્રાપ્ત થાય છે. કોઇપણ વ્યક્તિની સફળતામાં તેના કર્મો અને ગુણો મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

કામ, ક્રોધ, મોહ, મમતા, લોભ, નશો આદી મનુષ્યના મનની નબળાઇ છે. આમાં કોઇપણ મનુષ્ય સહેલાઇથી ફસાઇ જાય છે. આ અંતરશત્રુઓ પર આપણે વિજય પ્રાપ્ત કરવાનો છે. જે વ્યક્તિ લોલુપતામાં લપેટાઇ જાય છે, લાલસામાં લપસી જાય છે અને વાસનાના વમળમાં ગરક થઇ જાય છે તે સમાજથી દૂર ફેંકાઇ જાય છે. સમાજ તેને તિરસ્કારે છે.


જ્યારે ચારિત્ર્યવાન-શીલવાન વ્યક્તિ સમાજમાં આદર અને સન્માન મેળવે છે. અને સમાજ સદાય તેને આદર્શ માને છે. તેનું જીવન અન્યો માટે પ્રેરણાદાયક હોય છે. આથી સુદૃઢ ચારિત્ર્ય સાથે જીવન વ્યતીત થવું જોઇએ.

આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણના ઉપદેશને અનુસરીને સાચા સંતો સાથે સત્સંગ કરીને જીવન વ્યતીત કરીએ તો ચારિત્રને ઘણી મજબૂતી પ્રાપ્ત થાય છે અને સમાજમાં ઉચ્ચ પદવી પ્રાપ્ત થાય છે.

અત્યારે ધનુમાર્સ ચાલી રહ્યો છે. આ માસમાં ધાર્મિક દૃષ્ટિએ અને તંદુરસ્તી અને મનદુરસ્તી માટે પણ શ્રેષ્ઠ છે. જો વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચારીએ તો અરૂણોદય પહેલાં ઊઠી જઇએ તો તાજી અને પ્રફુલ્લિત હવાયુક્ત વાતાવરણમાં ભગવાનને ભજવા ધૂનમાં ઉપસ્થિત રહીએ તો ભક્તિની સાથે સાથે સ્વાસ્થ્ય સુરક્ષા પણ પ્રાપ્ત થાય છે. તેમજ સંગીતની સુરાવલી સાથે તાલબદ્ધ રીતે પડાતી હાથની તાળીઓથી હાથમાં રહેલાં સ્વાસ્થ્ય અંગોમાં જુદા જુદા પોઇન્ટ દબાતા રહે છે. તે આપણું સ્વાસ્થ્ય જાળવી રાખે છે. અને આપણને નવી ઉર્જા પ્રાપ્ત થતી રહે છે. આમ ધનુર્માસ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે.

શ્રીજીમહારાજના ચરણોમાં એજ પ્રાર્થના કે આપણને ગુણવાન, શીલવાન, ચારિત્ર્યવાન અને નીતિવાન બનવાની શક્તિ પ્રદાન કરે અને તેમના રૂડા આશીર્વાદ આપણને સદાય પ્રાપ્ત થતા રહે.

અસ્તુ જય શ્રીસ્વામિનારાયણ




આગવો આકાર, આકૃતિ અને ઈશ્વરદત્ત શક્તિ છે. કીડીને કણ અને હાથીને મણ ખાવાનું જોઈએ જ. પરંતુ એકમાત્ર માનવ અને તે પણ મંદિરની આવનજાવન કરનારા શ્રીહરિ ભક્તોને વ્રતનું અદ્ભુત વિજ્ઞાન છે. શારીરિક શ્રમ માનસિક શ્રમ, શરીરને બલિષ્ટ બનાવનારા પહેલવાનો, બાળકોની ભૂખ, યુવાનીયાઓના ખાનપાનમાં કાંઈ કેટલીયે વિવિધતા જોવા મળે છે. વળી વૃદ્ધાવસ્થા, માંદગી, બિમારીઓમાં ખાનપાનનું ટાઈમટેબલ અલગ... આ બધું જ શરીરશાસ્ત્ર પ્રમાણે ઊંચાઈ, હાડકાંની ઘટ્ટતા ઈત્યાદિક અનેક વાતો પર આધારિત જોવા મળે છે.

શિક્ષાપત્રી શ્લોક - ૮૦

ઉપવાસદિને ત્યાજ્યા દિવા નિદ્રા પ્રયત્નતઃ ।
ઉપવાસસ્તયા નશ્યેન્મૈથુનેનેવ ય યન્નૃણામ ॥

મારા આશ્રિતો હોય તેમણે વ્રતનો ઉપવાસ કર્યો હોય, તે દિવસે પ્રયત્નપૂર્વક દિવસની નિદ્રાનો ત્યાગ કરી દેવો. કારણ કે, જેમ મૈથુને કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થાય છે. તેમ જ દિવસની નિદ્રાએ કરીને પણ મનુષ્યના ઉપવાસનો નાશ થાય છે.

કોઈપણ વ્રતનો દિવસ માનવ માટે સામન્ય દિવસો કરતાં કાંઈક અલગ પ્રકારનો અને અદ્ભુત દિવસ હોય છે. સામાન્ય વ્રતો કરતાં ઉપવાસનો વ્રત, તન, મન, બુદ્ધિ અને ચિત્તને કાંઈક જુદો જ અનુભવ અને ઝણઝણાટી કરાવનારો હોય છે. એકટાણું, એકાંતરે થતાં એકટાણાં પ્રત્યેક અઠવાડિયે કોઈ ખાસ અન્ન કે મીઠાઈને છોડવી, ઘરેડમાં ઢાળતા જોવા મળે છે. માત્ર જળ ઉપર જ દિવસભર રહેવું વળી કાંઈ જુદું જ છે. જળ, અન્ન, ફળફળાદિક સર્વે માનવને જીવન પ્રદાતા જ છે.

પ્રત્યેક માનવે એ પણ સમજવું જરૂરી છે કે આપણાં શરીરના પ્રત્યેક અંગઉપાંગોને પોતપોતાનો

આવા આપણાં પંચમહાભૂતવાળા માનવને શરીર વિજ્ઞાન, મનોવિજ્ઞાન, બૌધિક વિજ્ઞાન, જીવન વિજ્ઞાન, નૈતિક વિજ્ઞાન, ધર્મ વિજ્ઞાન, સંસાર વિજ્ઞાન આ બધાયને પણ ભૂલભૂલામણીમાં તાણી જાય તેવું લખલખતું, લબલબતું, લોભામણું જીવ્હા વિજ્ઞાન આજના કલિયુગી માનવને સદાસર્વદા આકર્ષણ, રસમય અને તમામ વ્રતોને પણ ક્ષણમાં તોડી પાડનાર દેખાઈ રહ્યું છે.

"રોટી, દાળ, ભાત ને શાક,
સૌને ટપે તેવા અનેકાનેક.
હજ્જારો ભોગ, લાખો પીણાઓ,
સૌને લલચાવે ખાઓ પીઓ."

મૂળભૂતપણે 'ઉપવાસ' એટલે નજીક બેસવું પણ કોની નજીક બેસવું ? કથા, કીર્તન, સદ્ગુરુને વધુમાં વધુ પરમાત્માની નજીક બેસવું. 'વ્રત' એટલે કાંઈ CHANGE OF FOOD ખાણીપીણીમાં કોઈ પરિવર્તન નથી આપણે નિયમિતપણે જે ખાતાપીતા હોઈએ તેમાં 'વધુ' કે અન્ય ચટપટી વાનગીઓની લાવ લાવ કરવાની નથી પરંતુ 'વધ' ને

બદલે 'ઘટ' કરી આપણી જીભને પેટને 'છુટ્ટી' આપવાની છે.

વ્રતમાં એકટાણાં, ઉપવાસ, અન્ન-જળ, ફળનો ત્યાગ કે અન્ય વ્રત વખતે આપણને ચોર્યાશી લાખ યોનીઓનાં અંતમાં મળેલ અમૂલ્ય માનવજીવનની તકમાં માત્રને માત્ર ઈશ્વરની નજીક જ બેસવું. બેસીને ઈશસ્મરણ, ષડક્ષર મંત્રજાપ, માળાના મણકાઓમાં મનને પરોવવું. સત્સંગીને તો આવડતાજ હોય તેવા ભજન, કીર્તન, હળવું નૃત્ય પણ કરીને પ્રભુને રીજવવા. વ્રતને દિવસે કોઈપણ જાતના સમય, કામ, પ્રવૃત્તિ અને સંસારની પળોજણને જાકારો આપી પ્રભુ પ્રેમ અને પ્રભુ દર્શનને દૃઢ મનોબળથી આવકારો આપવો. શાસ્ત્રો વદે છે અને પ્રત્યેક સ્વામિનારાયણ મંદિરના સંતો ઉપદેશ પણ કરે છે કે પ્રભુ તો પ્રેમના ભૂખ્યા અને ભાવના પ્યાસા છે. ઘણાં હરિભક્તો આવા પ્રયત્નો પણ કરતા સાંભળવા મળે છે. છતાંય વધુ આગળ વધવામાં અડચણ આવતી હોય તો જ્યાં સુધી જે પહોંચ્યા હોય, ત્યાંથી પણ આગળ વધવાની શક્યતાઓને નકારી નહિં.

"અંધારે ઊંઘો ને અજવાળે કીર્તન કરો,
સમય છૂમંતર થાશે, પ્રભુ સમીપ પધારશે."

કર્મનિષ્ઠ ભાષ્યકાર શ્રીશતાનંદ સ્વામી 'ઉપવાસ દિન'ની શ્લોક વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, આ લોકને વિષે મોટા ભાગે ઉપવાસને દિવસે બીજું કાંઈ કામ ન હોવાથી સ્વસ્થ રહેવા માટે અને જલ્દીથી સમય પસાર કરવા માટે દિવસ દરમિયાન પણ નિદ્રાધીન થઈ જતા હોય છે. શ્રીજીમહારાજે પોતાના ભક્તજનોને વ્રત ઉપવાસને દિવસે દિવસની નિદ્રા છોડી વધુમાં પ્રમાણમાં ભગવાનની સન્મુખ જ રહેવાની આજ્ઞા કરીછે.

"નિદ્રા સુષુપ્ત કર્મ જગાતી હૈ,
ઊન્હેં દો-ચાર ગુના બઢાતી હૈ.
સ્વામિનારાયણ મંત્ર ધૂન,
પ્રભુ દર્શન રાહ દિખાતી હૈ."

આવું અદ્વિતીય જ્ઞાન સ્વયં સ્વામનારાયણ ભગવાને આપ્યું જ છે. ષડરિપુઓ કામ, ક્રોધ, લોભ, મદ, મોહ ને મત્સરમાં સૌ પ્રથમ સ્થાને 'કામ' સ્થિત છે. તે અકલ્પ્યપણે શક્તિશાળી છે અને દિવસની નિદ્રાથી તે ઉત્તેજિત થઈને નિદ્રામાંજ વીર્યના સ્ત્રાવથી બ્રહ્મચર્યનો વ્રતના દિવસે પણ નાશ કરે છે. આપણા પૂર્વજ ઋષિઓએ ઊંડું મંથન કરીને આ ઘટનાના બે મહત્ત્વના કારણો બતાવીને માનવને જાગ્રત કર્યા છે.

★ સ્ત્રીના પ્રસંગ થકી વીર્યનો સ્ત્રાવ થાય છે.

★ દિવસની નિદ્રા કરવાથી આવતા સ્વપ્ન થકી વીર્યનો સ્ત્રાવ થાય છે.

કામ કેટલું જબરજસ્ત પ્રભાવિત છે. હવે જો આપણે સમજુ સત્સંગીઓ આ મનો-દૈહિક સિદ્ધાંતને બરોબર સમજી શકીએ અને જો સ્ત્રીનો પ્રસંગ સર્વ પ્રકારે ત્યાગ કરી શકીએ તો બચી પણ શકાય છે. વળી ચક્ષુરાદિ ઈન્દ્રિયોને નિયમમાં રાખવાથી પ્રથમ કાર્યથી જે વીર્ય સ્ત્રાવ થાય છે તેને અટકાવી પણ શકાય છે. અને સ્વપ્નથી થતા વીર્ય સ્ત્રાવને તો દિવસની નિદ્રા ત્યાગ કરવાથી જ અટકાવી શકાય છે. માટે આપણી વૃત્તિને જાગ્રત કરી દૃઢ મનોબળ રાખી બંને પ્રસંગોથી બચી જવામાં જ ભલું છે.

"પ્રભુ મારા પર કૃપા કરો,
જીભની લોલુપતાને લપલપાટથી.
દિનની નિદ્રાથી અળગો રહું,
તમારા સ્મરણમાં મસ્ત રહું."

કામવાસના જીભની લાલસાની કોઈ 'એક્ષપાયરી ડેટ' ખતમ થવાની નિશ્ચિત તારીખ વાર નથી તેથી પ્રભુએ જ આપણને આપેલા મન-બુદ્ધિને અદમ્ય દૃઢતાથી આજીવન ખડેપગે હાજર રાખી શ્રીહરિની આ શ્લોકની આજ્ઞા માટે તેમનાંજ આશિષ મેળવી લઈએ તો...

"મંદિરના પગથિયાંની ચડઉતર,
કથા-વાર્તા સદ્‌ગુરુનું શ્રવણ.
મન-બુદ્ધિ-ચિત્તથી પ્રબળ થઈએ,
તો સર્વે ફળેને શાસ્ત્રો ઝળહળે."

# ભુજ મંદિરમાં સંત સ્મૃતિ મહોત્સવ ઉજવાયો

સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી ઉત્તમપ્રિયદાસજી તથા સ.ગુ. પુરાણી સ્વામી સ્વયંપ્રકાશદાસજીની પૂણ્ય સ્મૃતિમાં “સંત સ્મૃતિ” શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજના સહજાનંદ સભામંડપમાં તા. ૧૧ ડિસેમ્બરથી ૧૫ સુધી શ્રીનિષ્કુળાનંદ સ્વામી વિરચિત પુરુષોત્તમ પ્રકાશ ગ્રન્થની પાંચ દિવસની પારાયણ સાથે ઉજવાઈ ગયો.

આ ત્રણે સદ્‌ગુરુ સંતો સદ્‌ગુરુ પૂજ્ય સ્વામી મુરલીમનોહરદાસજીના શિષ્યો હતા. સદ્‌ગુરુ સ્વામી ઉત્તમપ્રિયદાસજી ૮૬વર્ષની વયે સંવત્ ૨૦૭૨ મહા સુદ બારસ તા. ૧૯-૨-૨૦૧૬ શુક્રવારના ભગવાનના ધામમાં ગયા હતા. ૭૦ વર્ષ સુધી આ સત્સંગમાં રહીને ખૂબ સત્સંગની સેવા કરી હતી. તેમજ સદ્‌ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજી ૯૨ વર્ષની વયે ભગવાનના ધામમાં સિધાવ્યા હતા. ૭૫ વર્ષ સુધી સત્સંગમાં રહીને ખૂબ સેવા કરી હતી. અને સદ્‌ગુરુ પુરાણી સ્વામી સ્વયંપ્રકાશદાસજી ૭૯ વર્ષની વયે સંવત્ ૨૦૭૯ દિનાંક ૨૦-૯-૨૦૨૩ બુધવાર ઋષિપંચમીને દિવસે ભગવાનના ધામમાં સિધાવ્યા હતા. આ ત્રણે સદ્‌ગુરુ સંતો સત્સંગમાં ખૂબ સેવા ભજન કરીને શ્રીજીમહારાજને રાજી કર્યા હતા. ત્રણે







સંતોના હેતવાળા દેશ-વિદેશમાં રહેતા હરિભક્તો અને ખાસ કરીને વાગડ રાપરના સત્સંગ મંડળના હરિભક્તોએ ભુજ આવીને મહંત સ્વામીજીને તેમજ ટ્રસ્ટી મંડળ તમામ સંતાને વાત કરી કે અમારા ગુરુ સ.ગુ. પ્રેમપ્રકાશદાસજીની સ્મૃતિમાં કથાનું આયોજન કરવાની ઈચ્છા છે. ત્યારે મહંત સ્વામી તેમજ વડીલ સંતો, કમીટીના સભ્યો અને મંડળના સંતોએ હરિભક્તોની ભાવનાને ધ્યાનમાં રાખીને નક્કી કર્યું કે ત્રણે ગુરુભાઈઓ વડીલ સંતોની સ્મૃતિમાં પંચદિનાત્મક પારાયણનું આયોજન કરવું. બધા સંતો દ્વારા સાથે મળીને નક્કી કરવામાં આવ્યું કે તા.૧૧ ડિસેમ્બરથી ૧૫ સુધીમાં કથાનું આયોજન કરવું. તૈયારીઓ થવા લાગી અને ત્રણે સંતોના હેતવાળા દેશ-વિદેશમાં રહેતા હરિભક્તો સુધી સમાચાર પહોંચ્યા અને તેમની સેવાઓ પણ નોંધાણી. આ સંત સ્મૃતિ મહોત્સવમાં શ્રીસ્વામિનારાયણ સત્સંગ મંડળ રાપરના હરિભક્તો મુખ્ય યજમાન પદે રહીને સેવાનો લાભ લીધો હતા. તેમજ દેશ-વિદેશમાં રહેતા અનેક ભક્તોએ પોતાની યથા શક્તિ પ્રમાણે સેવા નોંધાવીને



પૂજ્ય સંતોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

મંદિરમાં આવેલ સહજાનંદ સભામંડપમાં પરાયણનું આયોજન કરવામાં આવ્યું હતુ. મંડપમાં સુશોભિત મંચ તૈયાર કરવામાં આવ્યો હતો. મંદિરમાં વિરાજતા શ્રીનરનારાયણ ભગવાન, શ્રીરાધાકૃષ્ણ ભગવાન, શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિઓને સુંદર રીતે પધરાવવામાં આવી હતી. તેમજ ત્રણે સદ્‌ગુરુ સંતોનાં ચિત્રોને પણ સુંદર રીતે રાખવામાં આવ્યાં હતાં. દિનાંક ૧૧ ના સવારે ૯-૩૦ વાગ્યે કળશ સ્થાપન તથા પૂજન યજમાનોના હસ્તે ભૂદેવોએ કર્યું હતું. ત્યાર પછી ૮-૩૦ કલાકે નિજમંદિરમાં વિરાજમાન શ્રીનરનારાયણદેવના ચરણ સાનિધ્યથી પોથીયાત્રા નીકળી હતી. દરેક યજમાનોએ પોતાના મસ્તક ઉપર પોથી ધારણ કરીને વાજતે-ગાજતે સભા મંડપમાં લઈ આવીને ત્યાં સભાસંચાલક સ્વામી ઉત્તમચરણદાસજીની સૂચના મૂજબ પોથીઓને સ્થાપિત કરી હતી. ત્યારપછી કથાનો શુભ પ્રારંભ થાય તે પહેલાં પૂજ્ય મહંત સ્વામી, પાર્ષદ જાદવજી ભગત, ઉપમહંત સ્વામી, વડીલ સંત સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી તથા મંડળના સર્વે સંતો તથા યજમાનશ્રીના હસ્તે દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારપછી પ્રથમ સત્રના વક્તાશ્રી શા. સ્વામી ગોલોકવિહારી દાસજીએ સંગીતકાર સ્વામી વાસુદેવપ્રિયદાસજી તથા સ્વામી કપિલમુનિ દાસજીએ આપેલ સંગીતના મંગળસૂરો સાથે મંગલાચરણ કરીને કથાનો આરંભ કર્યો હતો. પુરુષોત્તમ પ્રકાશગ્રન્થના રચયિતા સ.ગુ. શ્રીનિષ્કુળાનંદ સ્વામીજીના જીવનનો પરિચય અને ગ્રન્થ રચવાનો ઉદ્દેષ તથા ગ્રન્થના વિષયની કથા કહેવામાં આવી હતી. તેમજ આ ગ્રન્થમાં ભગવાન શ્રીસ્વામિનારાયણના પરમ ઐશ્વર્યની કથા, જેમાં સ્વયં ભગવાન છે એવું સિદ્ધ કરી બતાવ્યું છે એવું વક્તાશ્રીએ કહ્યું હતું. તથા ત્રણે સ.ગુ. સંતોના જીવનના પ્રસંગો કહ્યા હતા. પ્રથમ સત્રમાં પુરાણી સ્વામી મહાપુરુષદાસજી તથા પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજીએ આશીર્વાદ આપ્યા હતા. પ્રથમ દિવસના દ્વિતીય સત્રના વક્તા શાસ્ત્રી સ્વામી ભક્તવત્સલદાસજીએ સુમધુર કંઠે કથારસપાન કરાવ્યું હતુ. અને સાંજે ૫-૩૦ સમયે શ્રીઘનશ્યામ મહારાજનો પ્રાગટ્ય મહોત્સવ ધામધૂમથી ઉજવાયો



હતો. જન્મોત્સવમાં યજમાનશ્રીઓ બાળ ઘનશ્યામ મહારાજને હાથમાં તેડીને સભામંડપ સુધી લઈ આવીને પારણીયામાં પધરાવ્યા હતા. ત્યારપછી મહંત સ્વામી સહિત તમામ સંતોએ તથા



યજમાનશ્રીઓએ પુષ્પોની પાખડીથી બાળપ્રભુને વધાવ્યા હતા.

બીજા દિવસના પ્રથમ સત્રના વક્તા પુરાણી સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કથાનો સંગીતસાથે પ્રારંભ કર્યો હતો. આજે શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશ દાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારપછી કલોલ ગુરુકુળથી પધારેલ શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપ દાસજીએ ત્રણે સ.ગુ. સંતો સાથેને તેમનો પોતાનો સત્સંગનો અનુભવ કહ્યો હતો. અને બીજા સત્રમાં અંજારથી પધારેલ મંડળધારી પુરાણી સ્વામી કેશવજીવનદાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારપછી જુનાગઢના કોઠારીશ્રી પ્રેમસ્વરૂપદાસજી સ્વામીએ આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે ભુજ



મંદિરના સંતો જેટલા ભજન-ભક્તિમાં રહે છે એટલા જ સત્સંગની સેવામાં જોડાયેલા રહે છે. તેથી જ આજે ભુજ મંદિર દ્વારા ૧૫ ગુરુકુળો, આયુર્વેદિક ઔષધાલય, હોસ્પિટલ, ગૌશાળાઓ ચાલે છે. તેમજ ત્રણે અ.નિ. સ.ગુ. સંતોનાં જીવન અન્ય સંતોની



પ્રેરણાદાયી રહ્યા છે.

ત્રીજા દિવસના કથાના વક્તા શાસ્ત્રી સ્વામી



ગોલોકવિહારીદાસજી સ્વામીએ ભગવાન શ્રીસ્વામિનારાયણના અનેક દિવ્ય ચરિત્રો વર્ણવ્યા હતાં. કચ્છના સમગ્ર ગામોમાંથી મોટી સંખ્યામાં હરિભક્તો કથા શ્રવણ માટે પધાર્યા હતા. તેમજ ગામો ગામથી સંખ્યયોગી બહેનો મોટી સંખ્યામાં પધાર્યા હતાં. કાલુપુર શ્રીસ્વામિનારાયણ મંદિરેથી ઘણા સંતો પધાર્યા હતા. આજના દિવસે વડતાલથી કોઠારી દેવ સ્વામી તથા સંતવલ્લભદાસજી પધાર્યા હતા અને બન્ને સંતોએ આશીર્વાદ આપ્યા હતા.

કથાનો ચોથો દિવસ અતિ મહત્વનો દિવસ ગણાય તેથી આજે વહેલી સવારથી મોટી સંખ્યામાં દેશ-વિદેશથી ભક્તો પધાર્યા હતા. મોટી સંખ્યામાં સંતો પણ પધાર્યા હતા. આજના સત્રમાં માંડવીથી પધારેલ સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, તેમજ અંજારથી પધારેલ શા. સ્વામી શુકદેવસ્વરૂપ દાસજીએ આશીર્વાદ આપ્યા હતા. શુકદેવ સ્વામીએ અંજારમાં થનાર નૂતન મંદિરના ઉદ્‌ઘાટન મહોત્સવની પૂર્ણ માહિતી આપી હતી. તેમજ પુ. સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે ગુરુ પ્રેમપ્રકાશદાસજી સ્વામીજી આજીવન સત્સંગની બહુ મહત્વની અને અતિ કઠિન ગણાતી એવી જે મંદિરોના નિર્માણ કરવારૂપ સેવા તે સદાય કરતા રહ્યા હતા.

ચોથા દિવસે શ્રીનરનારાયદેવ પીઠાધિપતિ આચાર્ય શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ આ



મહોત્સવમાં પધાર્યા હતા. આચાર્ય મહારાજશ્રીએ મહંત સ્વામીને સામેથી ફોન કરીને કહ્યું હતું કે સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસની સંતસ્મૃતિ મહોત્સવમાં હું આવીશ. કારણ કે સ્વામીજીનો મારી ઉપર ખૂબજ રાજીપો હતો. બપોરપછીના સત્રમાં સભામાં દર્શન આપીને આશીર્વાદ આપ્યા હતા. એમની સાથે કાલુપુર મંદિરના મહંત પી.પી. સ્વામી પધાર્યા હતા અને સ્વામીજીએ પણ આશીર્વાદ પાઠવ્યા હતા. આચાર્ય મહારાજશ્રી વિશાળસભાને આશીર્વાદ આપતા કહ્યું હતું કે ભગવાન શ્રીહરિએ કચ્છના હરિ ભક્તોના કલ્યાણને માટે પધરાવી આપેલ શ્રી નરાનારાયણદેવમાં એક નિષ્ઠા રાખવી. જીવનમાં ગમેતેવી આપત્તિ આવે ત્યારે શ્રીનરનારાયણદેવને શરણે જવું બીજે ક્યાંય જવું નહી. આચાર્ય મહારાજશ્રીએ બીજી એક બહું મહત્વની વાત કરી કે અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીના પવિત્ર દિવસે નૂતન મંદિરમાં શ્રીરામચંદ્ર ભગવાનની દિવ્યવિગ્રહની પ્રાણપતિષ્ઠા થવાની છે તે દિવસે સમગ્ર દેશમાં જ્યાં પણ મંદિરો હોય ત્યાં દિવાઓ પ્રગટાવીને મંદિરમાં ઉત્સવ ઉજવવો જોઈએ અને એમ કર્યું હતું કે શ્રીનરનારાયણદેવ ગાદીના તમામ મંદિરોમાં રહેતા સંતો અને ભક્તોને કહેવામાં આવ્યું છે કે તે દિવસે મંદિરમાં પ્રાકૃતિક આસોપાલવ અને આંબાના પાનથી તોરણ બાંધીને મંદિરની શણગારમાં આવે અને ઘીના દિવડાઓ પગટાવીને મહાન્ ઉત્સવ ઉજવવો અને કચ્છના પણ તમામ મંદિરમાં આવી રીતે ઉત્સવ ઉજવવામાં આવશે.


પાંચમાં દિવસની કથા પારયણમાં સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ ત્રણે સ.ગુ. સંતોની સત્સંગમાં જે સેવા અને યોગદાન છે તેના વિષે વિસ્તારથી જણાવ્યું હતું. આજે ઘણા સંતોએ આશીર્વાદ આપ્યા હતા. તેમાં કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત અને ઉપમહંત સ્વામીજીએ આશીર્વાદ આપ્યા હતા. ત્યાર પછી કથામાં સેવા કરનાર દેશ-વિદેશ પધારેલ હરિભક્તોને પહેરામણીઓ આપવામાં આવી હતી. ત્યારપછી



ભુજ મંદિરના પૂજ્ય મહંત સ્વામીએ પોતાના અંતરના રૂડા આશીર્વાદ આપ્યા હતા અને ત્યારપછી આચાર્ય મહારાજશ્રીએ કથાની સમાપ્તિ પ્રસંગે સ.ગુ સ્વામી પ્રેમપ્રકાશદાસજીની દેવ, આચાર્ય, સંત અને સત્સંગ સેવાની પ્રસંશા કરી હતી અને કહ્યું હતું કે









સ.ગુ. સ્વામી મુરલીમનોહરદાસજી મહાન્ સંત હતા એમને અનેક મંદિરોનાં નવનિર્માણ કર્યા હતા. એ જ પરંપરાનો એમના શિષ્ય પૂજ્ય સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ નિભાવી હતી અને સ્વામીજીએ પણ અનેક મંદિરોનાં નિર્માણ કર્યા છે. સ.ગુ. ઉત્તમપ્રિયદાસજી તથા સ્વામી સ્વયંપ્રકાશદાસજી પણ ગુરુ જેવા જ મહાન્ સંત હતા. ત્યારપછી ભુજ મંદિર દ્વારા ચાલતી ધાર્મિક, સામાજીક અને શૈક્ષણિકની નોધપાત્ર સેવા રહી છે આ વાતની અનેક ધામોમાંથી પધારેલ સર્વે સંતો પોતાના પ્રવર્ચનમાં વાત કરી હતી. સભાનું સંચાલન સ્વામી ઉત્તમચરણદાસજી તથા સ્વામી હરિકૃષ્ણદાસજીએ કર્યું હતુ. અને સંગીતકારમાં ગાયન સ્વામી વાસુદેવપ્રિયદાસજી તથા તબલાવાદકમાં સ્વામી કપિલમુનિદાસજીએ રહ્યા હતા. દાતાઓની પેરામણીની સેવા ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી તથા સ્વામી દિવ્યસ્વરૂપદાસજીએ સંભાળી હતી. રસોડાની સેવા પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી તથા કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીએ સંભાળી હતી અને ઉતારાની સેવા કોઠારી સ્વામી ભક્તિપ્રકાશદાસજી તથા સ્વામી દેવવિહારીદાસજી સંભાળી હતી.

અહેવાલ - ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧ કરસનભાઇ ઝીણાભાઇ જેશાણી ધ.પ.અ.નિ.રતનબાઇ, સુત ભીમજી ધ.પ.ધનબાઇ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૫૦૦ રાજેશ પરષોત્તમ ખેતાણી જન્મ દિવસ નિમિત્તે - ભુજ

૨૫૧ નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)

૨૦૧ અ.નિ. અરવિંદ હીરજી વસ્તાણીના જન્મદિવસ નિમિતે હ-રાધાબેન - કેરા

૧૦૧૧ હરિક્રિષ્ણા ટ્રાવેલ્સ-લખમણ ખીમજી કાબરીયા તથા અનીલભાઇ, નવી ટેમ્પો ટ્રાવેલ્સ ગાડીના પૂજન નિમિત્તે - ગોડપર

# ભુજ મંદિરમાં શ્રીમદ્‌ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન

ભુજ શ્રીનરનારાયણદેવનાં સાનિધ્યમાં શ્રીમદ્‌ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૦ નવેમ્બર ૨૦૨૩નાં કારતક સુદ-૮નાં વાજતે ગાજતે પોથીયાત્રા નીકળી હતી. જેમાં યજમાન પરિવાર સહિત મોટી સંખ્યામાં હરિભક્તો જોડાયા હતા. તા.૨૬ નવેમ્બરનાં કારતક સુદ-૧૫ સુધી ચાલેલી કથા દરમિયાન આવતા ભગવાન શ્રીરામ જન્મ, શ્રીકૃષ્ણજન્મ, રૂક્ષ્મણીવિવાહ સહિતના પ્રસંગોની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. કથાની પૂર્ણાહુતિના





બીજા દિવસે તા.૨૭ નવેમ્બરનાં શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે હવન યોજવામાં આવ્યો હતો. મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના આશીર્વાદ અ.નિ. પાર્વતિબેન જમનાદાસ રાઠોડ, અ.નિ. રૂક્ષ્મણીબેન રામજીભાઈ રાઠોડની પુણ્ય સ્મૃતિમાં યોજાયેલી કથાના મુખ્ય યજમાન પ.ભ. હરીશભાઈ રામજી રાઠોડ(સલાટ) પરિવાર રહ્યા હતા.

દરરોજ સવારે ૯ થી ૧૧ અને સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન યોજાયેલી કથામાં વ્યાસપીઠ પરથી પુરાણી સ્વામી હરિમુકુંદદાસજી, પુરાણી સ્વામી દેવવિહારીદાસજી, પુરાણી સ્વામી પ્રેમવલ્લભદાસજીએ હરિભક્તોને સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતું. તા.૨૧ ના શ્રીરામજન્મોત્સવ, તા.૨૨ ના શ્રીકૃષ્ણ જન્મોત્સવ દરમિયાન મટકીફોડ સહિતના અનેકવિધ કાર્યક્રમો માણવા મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.









સભાનું સંચાલન સ્વામી ઉત્તમચરણ દાસજીએ સંભાળ્યું હતું. કથા દરમિયાન સદ્‌ગુરુ સ્વામી નિરન્મુક્તદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી જગતપાવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી શ્રીહરિદાસજી, સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સદ્‌ગુરુ સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી સદ્‌ગુરુ સ્વામી કોઠારી દેવપ્રકાશદાસજી, સદ્‌ગુરુ સ્વામી ગોલોકવિહારી દાસજી આદિ સંતોએ આશીર્વચન પાઠવ્યા હતા. ત્યારે મહંત સામબાઈફઈ આદિ સમસ્ત સાંખ્યયોગી બહેનો હાજર રહ્યા હતા.

કથા દરમિયાન મુખ્ય યજમાન હરેશભાઈ રામજી રાઠોડ, ધ.પ.ભારતીબેન, પુત્ર પ્રશાંતભાઈ તથા ભાઈ રાજેશભાઈ, ધ.પ.રસીલાબેન, પુત્ર કૌશલભાઈ, પુત્રી મિતલબેન વાસાણી, કાવ્યા, જાહ્નવી, આરાધ્યા, પુષ્પાબેન વાસાણી, તરલાબેન રાઠોડ, પ્રવિણાબેન સલાટ સહિત પરિવારજનોને ભુજ મંદિર તરફથી પ્રસન્નતાની પહેરામણી કરવામાં આવી હતી. કથામાં આવતા તમામ પ્રસંગોને માણીને



ધન્યતા અનુભવી હતી.

અહેવાલ - કોઠારી સ્વામી દેવવિહારીદાસજી

## દયાપરમાં સ્વામિનારાયણ મંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

ગત તા.૨૮-૧૧-૨૩ થી ૧-૧૨-૨૩ દરમિયાન દયાપર ખાતે સ્વામિનારાયણ નૂતન મંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. ૧૯૮૦માં ૧૩૪ વર્ષ પહેલાં એક નાના ડેલા(રૂમ)માં શરૂ કરવામાં આવેલું



કાળાંતરે જર્જરિત થતાં ૧૯૦૫ અને ત્યારબાદ ૧૯૫૭માં પુનઃનિર્માણ પામ્યું હતું. ભૂકંપ બાદ આ મંદિર જર્જરિત થતાં હાલમાં નવા શિખરબંધ મંદિરનું અંદાજિત રૂપિયા ૫ કરોડના ખર્ચે નવનિર્માણ કરવામાં આવ્યું. અહીં સ્વામિનારાયણ સંપ્રદાયનું ચોથું મંદિર નિર્માણ પામ્યું છે.

આ મંદિરનો ગત તાયર૮-૧૧ ના વિજય ધ્વજ આરોહણ સાથે પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સ્વામિનારાયણ મંદિર લખપત તાલુકા કડવા પાટીદાર સમાજવાડી ખાતે કથા સ્થળે વાજતે ગાજતે શણગારેલ વિજય ધ્વજને લાવવામાં આવ્યો હતો. અહીં વેદોક્ત મંત્રોથી







યજમાનો તથા હરિભક્તો તેમજ વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં આરોપણ કરવામાં આવ્યું હતું.

મહોત્સવ દરમિયાન ત્રિદિનાત્મક વિષ્ણુયાગ યોજાયો હતો. જેમાં ૨૨ યજમાન પરિવારોએ ભાગ લીધો હતો. પુરોહિતપદે ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના ગોર કૃપાલ મહારાજ તથા સ્થાનિક મંદિરના ગોર મુળશંકર મહારાજ રહ્યા હતા. પૂર્ણાહુતિ સમયે આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા ભુજ સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજી તથા સ્વામી શ્રીહરિદાસજી આદિ સંતોનાં હસ્તે યજ્ઞમાં શ્રીફળ હોમવામાં આવ્યું હતું.

મહોત્સવનાં પ્રારંભમાં સ્વામિનારાયણ મંદિરેથી ઉમિયા સમાજવાડી ખાતે સભામંડપ સુધી વાજતે ગાજતે પોથીયાત્રા કાઢવામાં આવી હતી. મહંત સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ.ગ. સ્વામી ભગવદ્જીવનદાસજી, સ્વામી શ્રીહરિદાસજી, સ્વામી દેવકૃષ્ણદાસજી આદિ સંતો મહોત્સવનાં અધ્યક્ષ હસમુખભાઇ પોકાર, મંત્રી ધનજીભાઇ, અખિલ ભારતીય કડવા પાટીદાર સત્સંગ સમાજનાં પ્રમુખ હરિભાઇ, ઉપપ્રમુખ



વિરજીભાઇ, મંત્રી વિનોદભાઇ આદિ હોદેદારો તથા વરિષ્ઠ વડીલોનાં હસ્તે દીપ પ્રાગટ્ય કરી મહોત્સવને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

શ્રીમદ્ ભાગવત મહાપુરાણ કથા દરમિયાન આવતાં વિવિધ પ્રસંગો પૈકી શ્રીકૃષ્ણ જન્મોત્સવ ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. આતશબાજી સાથે બાલ શ્રીકૃષ્ણનાં વધામણા કરવામાં આવ્યા હતા. આ તકે રાસોત્સવ, મટકીફોડનો પણ કાર્યક્રમ યોજાયો હતો. બાદમાં રૂક્ષ્મણી વિવાહની રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી.

તા. ૩-૧૨નાં ૧૦૦૮ આચાર્ય કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનું આગમન થતાં સ્વાગત સાથે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હગતી. ઢોલ, ત્રાંસા, નગારા, બેન્ડપાર્ટી સહિતની સુરાવલી તથા લેવા પટેલ ચોવીસીની મંડળીઓએ કીર્તનની રમઝટ બોલાવી હતી. શોભાયાત્રામાં જેતલપુરથી પધારેલ શાસ્ત્રી પુરુષોત્તમપ્રિયદાસજી, ભક્તિનંદનદાસજી, સ્વામી કે.પી.સ્વામી ગાંધીનગર સ્વામિનારાયણ મંદિરથી પધારેલ શાસ્ત્રી સ્વામી હરિપ્રિયદાસજી, ભુજ મંદિરથી પધારેલ સંતો સ્વામી બાલકૃષ્ણદાસજી, સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ્વામી કેશવજીવનદાસજી, સ્વામી હરિબળદાસજી, સ્વામી માધવપ્રસાદદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી નીલકંઠચરણદાસજી, સ્વામી ભક્તિપ્રિયદાસજી, સ્વામી કેશવપ્રિયદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત, શ્રીહરિતપોવન ગુરુકુળથી સ્વામી





વિશ્વવલ્લભદાસજી, સ્વામી દેવચરણદાસજી, સ્વામી આદી સંતો જોડાયા હતા.

નવનિર્માણ સ્વામિનારાયણ મંદિર ખાતે મૂર્તિ પ્રતિષ્ઠા પૂર્વે આચાર્ય મહારાજ શ્રીકૌશલેન્દ્રપ્રસાદજીની ઉપસ્થિતિમાં યજમાન મનજી જેઠા તથા નારાણ જેઠા પરિવાર દ્વારા રીબીન કાપી મુખ્ય દ્વારનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. બાદમાં વેદોક્ત મંત્રો વિધિવિધાન સાથે મૂર્તિ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ત્યારબાદ ઠાકોરજીને અન્નકૂટ ધરાવી આરતી ઉતારવામાં આવી હતી. શિખર ઉપર ધ્વજદંડ, ધજા અને સુવર્ણ કળશ પણ ચડાવામાં આવ્યો હતો.

આચાર્ય મહારાજે બે દિવસ દયાપર ખાતે રોકાણ કર્યું હતું. સભામાં દાતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતાં. શિષ્યોને ગુરૂ મંત્ર દીક્ષા આપવામાં આવી હતી. સમગ્ર મહોત્સવનું લક્ષ્ય ચેલન ઉપર લાઈવ પ્રસારણ કરાયું હતું.

મહોત્સવ દરમિયાન યોજાયેલા રાત્રી કાર્યક્રમોમાં 'હું દયાપર છું' ટેલીફિલ્મ, રાસોત્સવ, મહિલા મંચ, સાંસ્કૃતિ કાર્યક્રમો, લોક ડાયરો સહિતના કાર્યક્રમો યોજાયા હતાં. લોક ડાયરામાં મનસુખ વસોયા, વિપુલ પટેલ, પૂજાબેન આદિ કલાકારોએ રંગત જમાવી હતી. ભુજ સ્વામિનારાયણ બહેનોનાં મંદિર મહંત સાંખ્યયોગી સામબાઈ ફઈ અંદાજિત ૩૦૦ સાંખ્યયોગી બહેનોએ ક્રમશ મહોત્સવનો લાભ લીધો હતો.

મુખ્ય યજમાનપદે શ્રીહરિ સિમેન્ટ આર્ટીકલ્સ કિશોરભાઈ દેવશી પોકાર, સાંખ્યયોગી સામબાઈ ફઈનું શિષ્ય મંડળ રહ્યું હતું. તમામ દિવસોમાં ગાયોને લીલા ચારાનું નિરણ, સમાજની તમામ નિયાણીઓને ભેટ સોગાતો આપી સન્માનિત કરાઈ હતી. કથા દરમિયાન સાંસદ વિનોદભાઈ ચાવડા, પૂર્વ રાજ્યમંત્રી વાસણભાઈ આહીર, ધારાસભ્ય પ્રહલાદસિંહ જાડેજા, અ.ભા.ક.ક.પા. સત્સંગ સમાજ પ્રમુખ હરિભાઈ, ઉપપ્રમુખ વિરજીભાઈ તથા મંત્રી વિનોદભાઈ સહિતનાં હોદેદારો, કારોબારી સભ્યો, અમદાવાદથી ગોપાલભાઈ, નરશીભાઈ સહિતનાં આગેવાનો, લખપત તાલુકા ક.પા.સમાજનાં મહામંત્રી નાનજીભાઈ વાડીયા, સત્યનારાયણ સમાજનાં









પ્રમુખ રમેશભાઇ પારસીયા, યુવક મંડળનાં સભ્યો હાજર રહ્યા હતાં.

મહોત્સવને સફળ બનાવવા માટે આયોજન સમિતિનાં અધ્યક્ષ હસમુખભાઇ પોકાર, મંત્રઈ ધનજીભાઇ ઠાકરાણી, જીવરાજભાઇ ચવાણ,





વિજયભાઇ નાકરાણી, સામજીભાઇ પોકાર, પ્રવિણભાઇ પોકાર, રમેશભાઇ ગોગારી, સામજીભાઈ ગોગારી, રમેશભાઇ પોકાર, અરવિંદભાઇ ગોગારી, શીવજીભાઇ પોકાર સાથે કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ તથા સાંખ્યયોગી બહેનોએ જહેમત ઉઠાવી હતી.

અહેવાલ - રમેશભાઇ ગોગારી

## ધનુર્માસ ધૂન-સમૂહ ૫૦૧ મહાપૂજા મુંબઇ

ભુજ મંદિર સંચાલિત શ્રીસ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન વિલેપાર્લામાં ધનુર્માસ દરમિયાન સ્વામિનારાયણ મહામંત્ર ધૂન ચાલે છે. ઉત્સાહથી ભાઇઓ-બહેનો સહભાગી થાય છે. તા. ૨૪-૧૨ ના રોજ ભુજ મંદિરના મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી આદિ ૪૦ સંતોની ઉપસ્થિતિથી



હરિભક્તો ખૂબજ ધન્ય ભાગ્યશાળી થયા હતા. આજરોજ પ.ભ. રમેશભાઇ હંસરાજ ખુથીયાને ત્યાં તરંગ બેંકવેટ લગ્ન હોલના ઉદ્‌ઘાટન પ્રસંગે ૫૦૧ મહાપૂજાનું દિવ્ય અનોખું આયોજન રાખેલ હતું. આ પ્રસંગે મહંત સ્વામી દ્વારા હોલનું ઉદ્‌ઘાટન સાથે સમગ્ર બૃહદ મુંબઈના અલગ અલગ વિસ્તારમાંથી ૫૦૧થી વધુ હરિભક્તો, બહેનો, સંતો, સાંખ્યયોગી બહેનો સહભાગી થયા હતા.

પૂજ્ય મહંત સ્વામી આદિ સંતો દરેક ભક્તો સાથે યજમાન પરિવારને અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અને યજમાન પરિવાર ગદગદિત





થયો હતો. વ્યવસ્થા સ્વામી રામપ્રિયદાસજી, સ્વામી રામાનુજદાસજી, સ્વામી તીર્થમુનિદાસજી, સ્વામી નિર્ભયચરણદાસજી, સ્વામી વેદાંતસ્વરૂપદાસજી રહ્યા હતા. સ્વામી પરમહંસદાસજી તથા સ્વામી અક્ષરપ્રિયદાસજીએ મહાપૂજા કરાવી હતી.

અહેવાલ - સ્વામી રામાનુજદાસજી

## શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિર માંડવી

માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્‌ગુરુ સ્વામી વિશ્વવલ્લભદાસજી, કોઠારી સ્વામી શ્રીજીનંદનદાસજી અને સ્વામી નિર્ભયસ્વરૂપદાસજી દ્વારા માંડવી શહેરમાં સત્સંગ વધે તે નિમિત્તે વિવિધ આયોજનો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે વર્તમાનમાં ધનુર્માસનો તા.૧૬-૧૨-૨૦૨૩થી પ્રારંભ થતાં સંતો દ્વારા શ્રીઘનશ્યામ બાલમંડળ માટે વહેલી સવારે સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનું આયોજન કરવામાં આવ્યું છે. અને બાળકોમાં સત્સંગ વધે અને ઉત્સાહ વધે તે માટે તમામ બાળકોને ઉત્તરાયણનું મહત્ત્વ સંતો દ્વારા સમજાવવામાં આવ્યું.

દરેક બાળકો હિન્દુ ધર્મના તહેવારો સાથે ઉમંગભેર જોડાઈ રહે અને હિન્દુ તહેવારોની



અસ્મિતા જળવાઈ રહે તે માટે બાળકોને પતંગ આપવામાં આવ્યા.

બાળકો દ્વારા સ્વામિનારાયણ મહામંત્ર ધૂન સત્સંગ અને મંદિરમાં વિવિધ સેવાઓ કરી અને ભગવાનને પ્રસન્ન કરવામાં આવી રહ્યા છે.

અહેવાલ-નિર્મલકુમાર આસોડીયા

## ઝોન કક્ષાની ઇન્ટર સ્ટેટ સ્કૂલ બેન્ડ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓએ ગુજરાતને ગૌરવાન્વિત કર્યું.

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ ગુજરાત રાજ્ય લેવલની બેન્ડ સ્પર્ધામાં વિજેતા થઈ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી પશ્ચિમ ઝોન (ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ,મહારાષ્ટ્ર, ગોવા અને દીવ દમણ) લેવલે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

ગજુરાત સ્ટેચ્યુ ઓફ યુનિટી લોહપુરુષ સરદાર પટેલ જયંતી પ્રસંગે કેવડિયા ખાતે યોજવામાં આવેલ એકતા પરેડમાં દેશના માનનીય વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈ મોદીજીની તેમજ અન્ય



મહાનુભાવોની ઉપસ્થિતિમાં બેન્ડનું શ્રેષ્ઠ પ્રદર્શન પ્રસ્તુત કરેલ. ત્યારબાદ પુણે-મહારાષ્ટ્ર મધ્યે પશ્ચિમ ઝોન લેવલે ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરી ઝોન લેવલે વિજેતા થયેલ.

હવે રાષ્ટ્રીય લેવલ પર પશ્ચિમ ઝોનનું પ્રતિનિધિત્વ કરીને દીલ્હી મધ્યે નેશનલ કોમ્પીટેશનમાં જવાની તૈયારી તૈયારીઓ આરંભાઇ ચૂકી છે.

દેશના પશ્ચિમ ભાગના છેવાડાના રણ પ્રદેશ કચ્છ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની દીકરીઓ રાષ્ટ્રીય લેવલે પાંચ ધુરંધર રાજ્યો પશ્ચિમ ઝોનનું પ્રતિનિધિત્વ કરશે. એ એક મોટું ગૌરવશાળી એચિવમેન્ટ ગણાય. આમ આ સંસ્થાની વિદ્યાર્થીનીઓ ગુજરાત સાથે કચ્છનું પણ ગૌરવ વધારીને ચાર ચાંદ લગાવેલ છે.

આમ ઝોન લેવલે ગુજરાત રાજ્યનું નામ રોશન કરનાર સંસ્થા અને વિદ્યાર્થીનીઓને સમગ્ર ગુજરાત, દેશવિદેશમાંથી અભિનંદન મળી રહ્યા છે.

વિદ્યાર્થીનીઓની પ્રશંસનીય સિદ્ધિ પ્રદર્શન બદલ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂજ્ય મહંત સ્વામી એવં સમસ્ત સંતમંડળ તથા સાંખ્યયોગી મહંત સામબાઈફઈ સહ સમસ્ત સાંખ્યયોગી બાહેનોએ અંતરના રૂડા આશીર્વાદ અને ઉત્સાહસભર લાગણીની અનુભૂતિને સહિયારો સાથ આપનારાઓમાં મંદિરનું ટ્રસ્ટી મંડળ અને સંસ્થાનું સંચાલક મંડળ તથા સંસ્થાના આચાર્યાસહ સ્ટાફ પરિવાર તેમજ દેશવિદેશના હરિભક્તો દ્વારા ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી આ વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, શ્રીનરનારાયણદેવ ગર્લ્સ એકેડમી, શ્રીસહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટીટ્યુટ ત્રિવેણી સંગમનો વાર્ષિકોત્સવ

શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરના પ્રાંગણમાં તા.૧૭-૧૨-૨૦૨૩ ના સંસ્થાના ૧૭ માં



વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય અતિથી વિશેષ તરીકે શ્રીશ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સીટીના ઇન્ચાર્જ વાઇસ ચાન્સલેર ડો.ડી.એમ.બકરાણીયાસર, શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજના કોઠારીશ્રી મુરજીભાઇ શીયાણી, ઉપકોઠારી શ્રીજાદવજીભાઇ ગોરસીયા, શ્રીકચ્છી લેવાપટેલ સમાજના પ્રમુખશ્રી વેલજીભાઇ રામજી પિંડોરીયા, દાતા પરિવારના દિનેશભાઇ ગોરસીયા, ભુજ મંદિર અને સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, વિદેશથી પધારેલ દાતાશ્રીઓ તેમજ અન્ય મહેમાનોની ઉપસ્થિતિ હતી.

કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય તેમજ પ્રાર્થનાથી કરવામાં આવેલ હતો. મહેમાનોનું સ્વાગત તેમજ સંસ્થાનો પ્રસંગ પરિચય સંસ્થાના મંત્રીશ્રી પ્રવિણભાઇ પિંડોરીયા દ્વારા કરાયેલ હતો.

શાળામાં સિદ્ધિ હાંસલ કરેલ દીકરીઓનું સન્માન તેમજ સંસ્થાના સમગ્ર સ્ટાફ પરિવારનું સન્માન કરવામાં આવ્યું હતું. ડો.ડી.એમ. બકરાણીયાસર, શ્રીજાદવજીભાઇ ગોરસીયાના વક્તવ્ય દ્વારા સંસ્થાની દીકરીઓને પ્રોત્સાહિત કરવામાં આવી હતી.






સંસ્થાની દીકરીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો. વિદ્યા અભ્યાસની સિદ્ધિ, રમત ગમત, સાંસ્કૃતિક તેમજ અન્ય ક્ષેત્રે જીલ્લા કક્ષાએથી રાજ્ય અને રાષ્ટ્રીય લેવલ સુધી સંસ્થાની ૩૫૦ દીકરીઓએ સિદ્ધિ હાંસલ કરેલ હોઈ તમામ દીકરીઓને સન્માનવામાં આવેલ હતી. તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા પોતાના કલા, આવડત તેમજ સંસ્કૃતિનાં ઓજસ પાથરતી દીકરીઓને બિરદાવવા માટે દાનની સરવાણીનો ધોધ દાતાશ્રીઓ દ્વારા વહેતો થયો હતો.

અંતે સૌએ સમૂહ પ્રસાદ લઈ કાર્યક્રમને હોંશભેર માણ્યા બાદ આ સુમંગળ અવસર પૂર્ણ થયેલ હતો.

## શ્રીસ્વામિનારાયણ વિદ્યામંદિર શાળા રાજ્ય કક્ષા યુવા ઉત્સવ લોકનૃત્ય સ્પર્ધામાં દ્વિતીય

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર પ્રેરિત જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી પાટણ દ્વારા




આયોજિત રાજ્ય યુવા ઉત્સવ-૨૦૨૩ લોકનૃત્ય સ્પર્ધા તા.૧૫-૧૨-૨૦૨૩રના યોજાયેલ. જેમાં અમારી શાળા શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરે રાજસ્થાની લોકનૃત્ય રજૂ કરી સમગ્ર કચ્છ અને ઉત્તર ગુજરાત પ્રદેશનું પ્રતિનિધિત્વ કરી દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

શાળાના આચાર્યા દક્ષાબેન પિંડોરીયાના માર્ગદર્શન હેઠળ ગોર નેહલબેન અને ગોસ્વામી સ્વેનીબેને વિદ્યાર્થીનીઓને તૈયારી કરાવવામાં જહેમત ઉઠાવી હતી.

આ તમામ સિદ્ધિઓને શ્રીસ્વામિનારાયણ મંદિરનાં મહંત સ્વામી ધર્મનંદનદાસજી, મંદિરના સર્વે સંતવૃંદો, સાંખ્યયોગી મહંત સામબાઈફઈ તથા સાંખ્યયોગી બહેનોએ આશીષસહ શુભેચ્છા પાઠવી હતી. તથા શાળાના ટ્રસ્ટી મંડળના સર્વે સભ્યો. આચાર્યાશ્રી તેમજ શિક્ષકોએ આ સિદ્ધિને બિરદાવી હતી અને ઉત્તરોત્તર પ્રગતિ કરી સિદ્ધિના સોપાનો સર કરી શાળાનું નામ રોશન કરતા રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

## તુલસી વિવાહ મહોત્સવ ભક્તિનગર

દર વર્ષની જેમ આ વર્ષે પણ કારતક સુદ એકાદશી થી પૂનમ સુધી ભક્તિનગર માનકુવામાં તુલસીવિવાહ મહોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. તુલસીબાઈના યજમાન પ.ભ.અ.નિ.કુરજીભાઈ કરસન શીયાણી, હસ્તે ગં.સ્વ.મેઘબાઈ કુરજી, સુપુત્ર લક્ષ્મણભાઈ કુરજી સપરિવાર રહ્યા હતા. લાલજી મહારાજના યજમાનપદે વાલજીભાઈ રત્ના ભાઈ હિરાણી રહ્યા હતા.

ફુલેકાંના યજમાન પ.ભ. નારાણભાઈ દેવરાજ હિરાણી તથા પ.ભ. સામજીભાઈ મનજી હિરાણી રહ્યા હતા. યજમાન પરિવારના ઘરેથી ઠાકોરજીનો વરઘોડો નીકળ્યો હતો જેમાં ગામના વડીલો મંડળીના સભ્યો કીર્તન-સેરીકો ગાતા ધામધૂમથી મંદિરે પહોંચ્યા હતા. ત્યાં શ્રીઠાકોરજીના

લગ્ન તુલસીબાઇ સાથે વિધિવિધાન સાથે ધામધૂમથી ઉજવાયા અને આખા ગામના લોકો મહાપ્રસાદ લીધો આ ઉત્સવની વ્યવસ્થા મંદિરની કાર્યવાહક કમીટી તથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સર્વે સભ્યોએ સંભાળી હતી.

અહેવાલ-કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ-ભક્તિનગર

## સદ્‌ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજીની સ્મૃતિમાં ૪૫ મો મેડિકલ કેમ્પ

ભુજ મંદિર સંચાલિત શ્રીસ્વામિનારાયણ હોસ્પિટલ પિયાવા મધ્યે સદ્‌ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજીની પુણ્ય સ્મૃતિમાં કેમ્પ યોજાઇ ગયો. તા.૧૭-૧૨-૨૦૨૩ રવિવારે યોજાયેલ કેમ્પમાં કાન-નાક-ગળા, કમર, ડીયીબિટીશ, આંખ તથા જનરલ તપાસ કરવામાં આવી હતી. જેમાંથી તેમને ઓપરેશન કરવાનાં થયાં એમને સારવાર કરવામાં આવશે. કુલ્લ ૩૯૧ દર્દીઓ લાભ લીધો








હતો. ભુજ, માંડવીના નિષ્ણાંત ડોકટરો દ્વારા તપાસ કરવામાં આવી હતી.

કેમ્પનું દીપ પ્રાગટ્ય સવારે ૯ કલાકે હોસ્પિટલ મધ્યે સદ્‌ગુરુ સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી તથા શા.સ્વામી અક્ષરપ્રકાશદાસજી, કેમ્પના યજમાન પ.ભ. વિશ્રામભાઇ તથા કાન્તીભાઇ પિંડોરીયા દ્વારા કરવામાં આવ્યું હતું. સંચાલન સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ કર્યું હતું. વ્યવસ્થામાં સહયોગ જનરલ મેનેજર હરેશભાઇ માલી તથા હોસ્પિટલ સંચાલક સમિતિ સાથે કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ પિયાવાના ભક્તો ગોઠવી હતી. આવેલ દર્દીઓને મહાપ્રસાદ પણ અપાયો હતો.

આ કેમ્પના દાતા દ્વારા ભુજ મંદિર દ્વારા ચાલતું ફરતું દવાખાના માટે એક ઈકો ગાડી તથા પશુ ફરતું દવાખાના માટે એક મોટર સાઇકલ અર્પણ કરાઇ હતી. જે વાગડ વિસ્તાર રાપર-ભચાઉ તાલુકામાં ફરશે. અને ગાયો-પશુઓ માટેની સારવાર કરશે. અગાઉપણ આ યજમાન દ્વારા વાગડ વિસ્તારમાં ફરતું દવાખાના માટે ઈકો ગાડી અર્પણ કરેલ છે. અને એમના નિભાવ માટે પણ આર્થિક સહયોગ કરેલ છે. સંસ્થાના પ્રમુખ પ.ભ. માવજીભાઇ વેકરીયાએ દાતા પરિવારનો તેમજ આ હોસ્પિટલમાં સાધન તથા અન્ય આર્થિક સહયોગ આપનારનો આભાર માન્યો હતો.

યજમાન પ.ભ. માધાપર ગામના ગોપાલ પ્રોપાઇટરી લીમીટેડ અ.નિ.પિતાશ્રી લાલજીભાઇ ગોપાલ પિંડોરીયા, અ.નિ.માતૃશ્રી અમરબાઇ, હસ્તે પ.ભ. વિશ્રામભાઇ, ધ.પ.રાધાબાઇ, સુપુત્ર પ.ભ.કાન્તીભાઇ, ધ.પ.પુષ્પાબેન, સુપુત્ર પ.ભ. વિજયભાઇ, ધ.પ.શર્મિષ્ઠાબેન, સુપુત્ર પ.ભ.સુરેશભાઇ, ધ.પ.પ્રિતીબેન, જમાઇ ગામ સુરજપરના પ.ભ. મુકેશભાઇ ધ.પ.કસ્તુરબેન હાલાઇ સપરિવાર હાલે ઓસ્ટ્રેલિયા-પર્થ.

અહેવાલ- માવજીભાઇ વેકરીયા, પ્રમુખશ્રી

# રામપર ખાતે મારુતિયાગ અને હરિકથાનું ભવ્ય આયોજન

તીર્થક્ષેત્ર અયોધ્યા ભગવાન શ્રીરામજન્મ ભૂમિ મંદિર મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ આગામી ૨૨ જાન્યુઆરીના યોજાનાર છે. જેના ઉપલક્ષ્યમાં રામપર ખાતે લેવા પટેલ સમાજ દ્વારા ત્રિદિવસીય મારુતિયાગ તથા હરિકથાનો કાર્યક્રમ યોજાયો હતો.

ભુજ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા. ગ્રામજનોનો ઉત્સાહ જોઈ અંતરનો રાજીપો વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે રામપર જુનાવાસ મંદિર નજીક આવેલ જગ્યા વિશાળ કરી તે માર્ગને સાંખ્યયોગી ધનબાઈફઈ માર્ગ તથા ચોકને અક્ષરમુક્ત સ્વામી અક્ષરજીવનદાસજીનું નામકરણ કર્યું હતું. તે તકતીનું અનાવરણ મહંત સ્વામીના હસ્તે કરાયું હતું. જેના મુખ્ય દાતા પ.ભ. હીરજીભાઈ વાલજીભાઈ હિરાણી, ધ.પ. વનિતાબેન હિરાણી, સુપુત્ર રાજેશભાઈ હિરાણી પરિવાર રામપર હાલે યુ.કે.-લંડન રહ્યા હતા.

તા.૧૭-૧૨ થી ૧૯-૧૨ સુધી ત્રિદિવસીય હરિકથાનું આયોજન ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડીલ સંતોની પ્રેરણા અને આશીર્વાદથી પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા પુરાણી સ્વામી ધર્મવિહારીદાસજીના વ્યાસાસને થયું. સભા સંચાલન શા.સ્વામી અક્ષરપ્રકાષ દાસજીએ સંભાળ્યું હતું.







આ ઉત્સવ દરમિયાન ૧૫૧ સુંદરકાંડના પાઠ અને ૫૧૦૦૦થી વધુ હનુમાનજીના મંત્રો દ્વારા આહુતિ અપાઈ હતી. યજ્ઞની પૂર્ણાહુતિ ભુજ મંદિરના સંતોની ઉપસ્થિતિમાં શ્રીફળ હોમીને કરાઈ હતી. જેના આચાર્ય જયકુમાર જોષી રહ્યા હતા.

કાર્યક્રમની પૂર્ણાહુતિ વિશાળ શોભાયાત્રા કાઢીને કરાઈ હતી. જેમાં સર્વે હિન્દુ સમાજના લોકો જોડાયા હતા. માંડવી-મુન્દ્રા વિસ્તારના ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે, કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા તેમન અન્ય ટ્રસ્ટી મંડળના સભ્યો હાજર રહ્યા હતા.

## વાર્ષિક પાટોત્સવ, ભચાઉ-નવાગામ

ભચાઉ, નવાગામ તેમજ ભચાઉ આ બંને ગામોના મંદિરોમાં બિરાજતા દેવોના વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયા. તા.૧૪-૧૨-૨૦૨૩ના નવા ભચાઉ મધ્યે આ કાર્યક્રમ થયો હતો. અને તા.૧૩ થી ૧૭-૧૨-૨૦૨૩ના પાંચ દિવસની ભાગવત પારાયણ સાથે ભચાઉ ગામે સંપન્ન થયો હતો. જેમના યજમાન પ.ભ. શ્રીમતિ મીનાબેન શામજી કાનજી નિસર પરિવાર ભચાઉ હાલ અમેરિકાએ લીધો હતો, અને મોટી સંખ્યામાં સંતો તથા સત્સંગિઓ સહભાગી થયા હતા.

# સત્સંગ સમાચાર - વિદેશ

## શ્રી ક.સ.સ્વા. મંદિર લંડન (કેન્ટન હેરો) દિવાળી-અન્નકૂટ-તુલસીવિવાહ

શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર લંડન કેન્ટન-હેરોમાં દિવાળી અને નૂતનવર્ષ તથા તુલસીવિવાહ ઉત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયો હતો. મોટી સંખ્યામાં સ્વયંસેવકો વહેલી સવારે આવી વિવિધ સેવામાં જોડાયા. અન્નકૂટ માટે વિવિધ પ્રકારના વ્યંજનો પકવાન અને ફરસાણ તૈયાર કરી ઠાકોરજી પાસે થાળ ગોઠવ્યા અને સવારે ૧૧ વાગ્યે પ્રથમ અન્નકૂટની આરતી મંદિરના ગોર દિનેશ મહારાજ, પૂજારી, યજમાનો અને અમાંત્રિત મહેમાનો દ્વારા ઉચારવામાં આવેલ હતી. દિવસ દરમિયાન હજારો ભક્તો દર્શનાર્થે પધારેલ હતા. શ્રીઘનશ્યમા મહારાજના દર્શન કરી નવા વર્ષની શુભ શરૂઆત કરેલ હતી. સાંજે સંધ્યા આરતી સાથેજ અન્નકૂટ સમાપ્તિની આરતી કરી અન્નકૂટ વિસર્જન કરવામાં આવેલ હતો.

કારતક સુદ-૧૧ થી ૧૫ દરમિયાન તુલસીવિવાહનો ઉત્સવ પણ ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવ્યો. જેમાં તુલસીબાઈ અને લાલજી મહારાજના યજમાન પરિવારોએ ભાવપૂર્વક લાભ લીધો હતો. ભૂદેવ દિનેશ મહારાજે વિધિ અનુસાર લગ્ન કરાવ્યા ત્યારબાદ પધારેલ સર્વે ભક્તજનોને મહાપ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવેલ હતો.

અહેવાલ- મંત્રીશ્રી

## શ્રીસ્વામિનારાયણ મંદિર ઓકલેન્ડ

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજના સંતો ઓકલેન્ડ ખાતે તા.૩-૧૧-૨૩ થી ૧૭-૧૧-૨૩ વચ્ચે પધાર્યા હતા. ભુજ મંદિરના સંતોના સાનિધ્યમાં દીપ ઉત્સવ, અન્નકૂટ ઉત્સવ, એક દિવસીય શિબિર અને વંદુન પદોની પંચાહ્ન પારાયણ આદિ આયોજનો ઉજવેલ હતા. અને બધા હરિભક્તો સંતોનો સારો લાભ લીધો ત્યારે ભુજ મંદિરના સ્વામી સરયુદાસજી, સ્વામી શ્રીપ્રકાશદાસજી, સ્વામી પરબ્રહ્મજીવનદાસજી





અને સ્વામી પતિતપાવનદાસજી ઉપસ્થિત રહ્યા હતા.

તા.૧૫-૧૧-૨૩ થી તા.૯-૧૧-૨૩ વંદુના પદોને ૨૦૦ વર્ષ નિમિતે વંદુના પદોનું પંચાહ્ન પારાયણનું આયોજન રાખેલું હતું. એમાં વક્તા સ્વામી શ્રીપ્રકાશદાસજી અને સ્વામી પરબ્રહ્મજીવનદાસજીએ કથાનો ખૂબ લાભ આપ્યો હતો. તથા તા.૫-૧૧-૨૦૨૩ના પોથીયાત્રાનો ઉત્સવ પણ ઉજવાયો હતો.

તા.૧૨-૧૧-૨૩ દિવાળીના દિવસે ભવ્ય દીપોત્સવનું આયોજન રાખેલું હતું. એમાં ઝુલામાં ઝૂલતા શ્રીસહજાનંદ સ્વામીની આગળ દીપમાળા અને રંગોળી કરવામાં આવી હતી. ત્યારબાદ સૌ હરિભક્તો મહાઆરતીનો લાભ લીધો હતો. આ ઉત્સવમાં ૧૦૦ થી વધારે હરિભક્તોએ લાભ લીધો હતો.

તા.૧૩-૧૧-૨૩ના દિવસે ઠાકોરજીની આગળ ૧૨૦થી વધારે વિવિધ પ્રકારની વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરેલો હતો. ત્યારબાદ સંતોની હાજરીમાં સ્નેહમિલનનું આયોજન રાખેલું હતું. એમાં ૧૫૦થી વધુ હરિભક્તોએ લાભ લીધો હતો.

અ- મંત્રીશ્રી

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજીત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ

એવં



# નારાયણ યજ્ઞ મહોત્સવનું



આયોજન

**પોથીયાત્રા : સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૧૨ તા. ૨૦-૪-૨૦૨૪ સાંજે ૩:૦૦ વાગ્યે**

**કથા પ્રારંભ પ્રથમ દિવસ : સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૧૩ તા. ૨૧-૪-૨૦૨૪**

**કથા વિરામ સાતમો દિવસ : સં.૨૦૮૦ ચૈત્ર વદ-૩ તા. ૨૭-૪-૨૦૨૪ સાંજે ૭:૦૦ વાગ્યે**

**નારાયણ યજ્ઞ : સં. ૨૦૮૦, ચૈત્ર વદ-૪ તા. ૨૮-૪-૨૦૨૪ સવારે ૬:૩૦ વાગ્યે**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી તા. ૨૧-૪-૨૦૨૪ થી તા. ૨૭-૪-૨૦૨૪ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિર:શાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

એક પોથીના રૂા. ૨૫,૦૦૦/-
પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે.
૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.

નારાયણયાગમાં ૧ પોથી પાછળ
૧ જોડલું બેસી શકશે.

૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે પાસ આપવામાં આવશે.
સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોય તેમાં પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.

જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮/૧૨ સાઇઝ) તથા સુખડનો હાર લાવી શકાશે સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

**કથા સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રી સ્વામિનારાયણ રોડ, ભુજ-કચ્છ. ફોન નં. ૭૫૬૭૬ ૦૮૦૦૦**

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૫૦૦ – હરેશભાઇ નવનીતરાય મહેતા અ.નિ.માતુશ્રી હસ્તાબેનની પુણ્ય સ્મૃતિમાં – ભુજ
૨૫૧ – રામજી વાલજી જેશાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે બળદિયા
૫૦૦ – ઘનશ્યામ લાલજી આશાણી શુભ વેવિશાળ(સગાઇ) પ્રસંગે – રામપર નવાવાસ

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2018-2020
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2020/UPTO 31-12-2020

## ભવ્યાતિભવ્ય ઉત્સવ ઉજવણી અંજાર

# શ્રીસ્વામિનારાયણ નૂતન મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ-અંજાર

ધર્મ ભક્તિ
શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ
અંજાર
આયોજક : શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ
તા. 01 થી 15 એપ્રિલ-2024

ૐ
શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ - કચ્છ
ધ ર્મ શ્રી ભ ક્તિ
શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્



**મહોત્સવ પ્રારંભ**
તા. ૯-૪-૨૦૨૪
મંગળવાર

**મૂર્તિ પ્રતિષ્ઠા**
તા. ૧૪-૪-૨૦૨૪
રવિવાર

**મહોત્સવ સમાપન**
તા. ૧૫-૪-૨૦૨૪
સોમવાર